# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

માસ્ટર ઑફ જૈનિઝમ્ દ્વિતીય વર્ષ - ૧

જુન ૨૦૧૫
પ્રથમ સત્ર
ગુણાંક ૫૦

## પ્રશ્ન પત્ર

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) ખોટા એનરોલમેન્ટ નંબર તથા ન સમજાય એવા એનરોલમેન્ટ નંબર માટે ૧૦ ગુણાંક ઓછા કરવામાં આવશે. (૬) સમયસર તા. ૨૫ ઓક્ટોબર સુધી પેપર નહી મળે તો બીજા ૧૦ ગુણાંક ઓછા કરવામાં આવશે. (૭) નિબંધના માર્કસ્ ગ્રેડ પ્રમાણે આપવામાં આવશે (૮) જવાબ પત્ર, નિબંધમાં નામ, એનરોલમેન્ટ નંબર, વર્ષ અને સત્ર લખવુ જરૂરી છે. (૯) જવાબ તત્વાર્થ સૂત્રના અભ્યાસ પુસ્તકના છઠ્ઠા અને સાતમા અધ્યાયમાંથી લખવાનો છે.

**પ્રશ્ન -૧ ખાલી જગ્યા પુરો** ૨૫

૧. કેવલિ,શ્રુત, સંઘ, ધર્માદિની નિંદા કરવી તે ........................... નો આશ્રવ છે.
૨. પાંગળા પણું, કોઢિયાપણું, ઠુંઠાપણું, વધ, બંધનાદિ...................... ના કટૂ વિપાક છે.
૩. જીવન દરમ્યાન કરેલા તપ,વ્રતાદિની આરાધનાના બદલામાં ભૌતિક સુખોની ઇચ્છા રાખવી તે ......... અતિચાર છે
૪. જીવ સ્વયં આશ્રવ ન બની શકે પરંતુ........................ ની સહાયતાથી આશ્રવ બને છે.
૫. બ્રહ્મ એટલે આત્મા અને બહ્મચર્ય એટલે .....................
૬. અણુવ્રતોનું પાલન શ્રાવકને છ કોટિથી કરવાનું હોય છે, જ્યારે મહાવ્રતોનું પાલન સાધુને ............ કરવાનું હોય છે.
૭. ................... એટલે લોભવશ મર્યાદાનું ઉલંઘન.
૮. સંયમ નો સ્વીકાર કર્યા છતાં જ્યાં સુધી રાગનો ઉદય છે ત્યાં સુધી એ ..................... છે.
૯. ....................... એટલે વિચાર કર્યા વગર.
૧૦. ધર્મીના જીવનમાં દેખાતી કડવાશ (દોષો) ધર્મના કારણે નથી ............... ના કારણે છે.
૧૧. હિંસાના સાધનો બીજાને આપવા તે ...................... છે.
૧૨. પોતાના દોષો,દુર્ગુણો પ્રગટ કરવા, બીજાની સામે કહેવા તે ................... નામનો ગુણ છે.
૧૩. જ્ઞાનાદિમાં બીજાથી આગળ હોવા છતાં, સારી બુદ્ધિ, ચતુરાઈ હોવા છતા તેનો ગર્વ ન કરવો તે ............. નામનો ગુણ છે.
૧૪. .................... વ્રતીઓ આત્માના સામ્રાજ્યને પામે છે.
૧૫. કોઈ પણ પ્રકારનો માદક આહાર લેવો, મદ્યાદિનુ સેવન કરવું તે ................. આહાર નામે અતિચાર છે.
૧૬. મૃત્યુ પછી વ્યકિતના ગુણો યાદ કરી દીન હીન બની બીજાને દયા આવે એમ રૂદનાદિ કરવું તે ............. છે.
૧૭. શાસ્ત્રોએ જેવી વાણી બોલવાનો નિષેધ કર્યો છે એવી વાણી બોલવી તે .................. છે.
૧૮. ...................... એટલે વિચાર પૂર્વક.
૧૯. ચોરીનો માલ છે એવું જાણ્યા છતાં ઓછી કિંમતમાં કે મફતમાં લેવું તે ..................... અતિચાર છે.
૨૦. ચારિત્રથી ભ્રષ્ટ થયેલો મોક્ષ પામી શકે પરંતુ .................... થી ભ્રષ્ટ થયેલાને મોક્ષ નથી.
૨૧. ....................... અટેલે ધન.
૨૨. ભોગ સુખના સાધનોથી સતત ભય પામતા રહેવું એની લાલચમાં ન આવવું તે ................... છે.
૨૩. ........................ એટલે ઘર વખરીનો સામાન.
૨૪. જ્ઞાન, જ્ઞાની, જ્ઞાનના સાધનોનો અનાદર, ભણવા, ભણાવૃવામાં અવિધિ કરવી તે .................... છે.
૨૫. બીજાના ગુપ્ત રહસ્યો, ગુપ્ત પાપો જાહેર કરવા તે ....................... ક્રિયા છે.

**પ્રશ્ન-૨ એક જ શબ્દમાં જવાબ આપો.** ૨૫

૧. ઇર્ષ્યાથી સાધુને દાન આપવું એ કયો અતિચાર છે ?
૨. દુધ, ઘી, તેલ, માખણાદિ સ્નિગ્ધ, સ્વાદિષ્ટ અને ઇન્દ્રિય ઉત્તેજક આહારને શું કહેવાય ?
૩. બિન જરુરી, અકારણ, પ્રયોજન વિના કરતા પાપદિને શું કહેવાય ?
૪. કાયાના જુદા જુદા રૂપો કરી બીજાને ઠગવું તે શું છે ?
૫. 'આત્મવત્ સર્વભૂતેષુ' વૃત્તિ શેનાથી થાય છે ?
૬. સાધુ જીવનની શાંતિનો અનુભવ શ્રાવક શેનાથી કરે છે ?

૭. આત્મભાવમાં સ્થિરતા પામવા સતત કઈ ભાવનાનું ચિંતન કરવું જોઈએ ?
૮. અજ્ઞાનતાથી અથવા વિવેકવિના તપ ત્યાગ આચરવા, દેહ દમનાદિ ક્રિયાઓ કરવી તે શું છે ?
૯. ધર્મની અલ્પ પણ આરાધના કોના કલ્યાણ માટે હોય છે ?
૧૦. કોઈને ખાવામાં અંતરાય કરીએ તો કયો અતિચાર લાગે છે ?
૧૧. જેને ઘરસાથે સંબંધ હોય એને શું કહેવાય ?
૧૨. હિંસા, ચોરી આદિના સંકલ્પને શું કહેવાય ?
૧૩. શુભ યોગ શેનો આશ્રવ છે ?
૧૪. સાધુ કે શ્રાવકના જીવન મહેલનો પાયો કયો છે ?
૧૫. ઉપભોગ-પરિભોગ પરિમાણ વ્રતની આરાધનાથી જીવનમાં કઈ શુદ્ધિ આવે છે ?
૧૬. શરીરની અનિત્ય અને અશુચિ સ્વભાવનું ચિંતન શેની પુષ્ટિ કરે છે ?
૧૭. અર્ધનારાચ સંઘયણવાળા કયા દેવલોકસુધી જઈ શકે છે ?
૧૮. કઈ ક્રિયા મોક્ષનું કારણ છે ?
૧૯. કયા વ્રતોમાં સંક્ષેપ ન હોય ?
૨૦. આશ્રવની ક્રિયાના સાધનને શું કહેવાય ?
૨૧. શરીર, કષાય અને કર્મોને પાતળા કરવાની વિશિષ્ટ આરાધના કઈ છે ?
૨૨. શ્રાવક જીવનનાં કેવી હિંસાની પ્રધાનતા છે ?
૨૩. જીવની આત્મિક શક્તિ તે શું છે ?
૨૪. ગુણવ્રતો અને શિક્ષાવ્રતોને શું કહેવાય છે ?
૨૫. સ્વીકાર, સંગ્રહ અને આસક્તિનો સુમેળ એ શું છે ?

પ્રશ્ન-૩ **વિવિધ ગ્રંથોની સહાયતા સાથે તમારા શબ્દોમાં ૧૫ થી ૧૭ ફુલસ્કેપ પાનાનો મહાનિબંધ લખો (કોઈ પણ એક)**

૧. **આશ્રવ એજ સંસાર** – (આશ્રવનું સ્વરૂપ, દ્રવ્ય ભાવ આશ્રવ, સાંપરાયિક અને ઈર્યાપથ આશ્રવ, અધિકરણ, આઠ કર્મના આશ્રવો.)
૨. **દેશવિરતિની દિશા** – (મુક્તિના બેજ માર્ગ ૧) શ્રાવક બનો યા ૨) સાધુ બનો. શ્રાવકના બાર વ્રતોનું સ્વરૂપ, અતિચાર, શલ્ય, સંલેખના, સમ્યગદર્શન)
૩. **આનંદ ધનજી મહારાજાનું કોઈ પણ એક સ્તવન** (યોગિરાજ આનંદઘનજીનું જીવન, સાહિત્ય, ભક્તિયોગ. ચોવિસીમાંથી એક સ્તવન, ગાથા, ગાથાર્થ અને વિશેષાર્થ.)

**એમ.જે. પાર્ટ -૧ કેન્દ્રિય પરીક્ષા પ્રશ્ન-પત્ર કેવો હશે ?**

| | |
|---|---|
| પ્રશ્ન ૧ – ખાલી જગ્યા પૂરો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૨ – એક શબ્દમાં જવાબ લખો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૩ – નીચેના વાક્યો સાચા કે ખોટા જણાવો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૪ – જોડકાં જોડો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૫ – એક વાક્યમાં વાખ્યા લખો | ગુણાંક ૨૦ |
| કુલ | ૧૦૦ |

**નિંબધ માટે નીચે મુજબ ગ્રેડિંગ રહેશે.**

૧) ૪૦ માર્કસ્‌ની ઉપર – એ+ ૨) ૩૫ માર્કસ્‌ની ઉપર – એ ૩) ૩૦ માર્કસ્‌ની ઉપર – બી+
૪) ૨૫ માર્કસ્‌ની ઉપર – બી ૫) ૨૦ માર્કસ્ થી ઓછા – સી

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા
શાહ ગોવિન્દજી વીરમ ફેક્ટરી કમ્પાઉન્ડ, મોંઢા રોડ, ઔરંગાબાદ – ૪૩૧ ૦૦૧
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઈટ www.shatrunjayacademy.com